2 સપ્ટે.થી CAની ફાઉન્ડેશન, ઇન્ટર અને ફાઇનલની પરીક્ષા

13 નવેમ્બર સુધી ચાલનારી પરીક્ષાનું 19 જુલાઈ સુધી ફી વિના રજિસ્ટ્રેશન કરી શકાશે

23થી 25 જુલાઈમાં સુધારાની તક મળશે

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI)એ સપ્ટેમ્બર-નવેમ્બર 2026ની CA ફાઉન્ડેશન, ઇન્ટરમિડિયેટ અને ફાઇનલ પરીક્ષાઓ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ કરી છે.

ઉમેદવારો 19 જુલાઈ સુધી વિલંબ ફી વિના અરજી કરી શકશે, જ્યારે 22 જુલાઈ સુધી રૂ. 600 વિલંબ ફી સાથે ફોર્મ સ્વીકારાશે. અરજીમાં સુધારો કરવા માટે 23થી 25 જુલાઈ દરમિયાન કરેક્શન વિન્ડો ખુલ્લી રહેશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ CA ફાઉન્ડેશન અને ઇન્ટરમિડિયેટની પરીક્ષાઓ સપ્ટેમ્બરમાં જ્યારે CA ફાઇનલની પરીક્ષાઓ નવેમ્બરમાં યોજાશે. તમામ ઉમેદવારોએ ICAIના ઈ-સર્વિસ પોર્ટલ મારફતે ઓનલાઇન અરજી કરવાની રહેશે.

CA ફાઉન્ડેશન પરીક્ષા તારીખો

પેપર-1 : 2 સપ્ટેમ્બર, 2026
પેપર-2 : 5 સપ્ટેમ્બર, 2026
પેપર-3 : 7 સપ્ટેમ્બર, 2026
પેપર-4 : 9 સપ્ટેમ્બર, 2026

CA ઇન્ટરમિડિયેટ પરીક્ષા તારીખો

ગ્રુપ-1 : 1, 3 અને 6 સપ્ટેમ્બર, 2026
ગ્રુપ-2 : 8, 10 અને 12 સપ્ટેમ્બર, 2026

CA ફાઇનલ પરીક્ષા તારીખો

ગ્રુપ-1 : 2, 4 અને 6 નવેમ્બર, 2026
ગ્રુપ-2 : 9, 11 અને 13 નવેમ્બર, 2026

કરોડોની ઠગાઈમાં રાજકોટનાં 3 વેપારીની આગોતરાં ફગાવાઈ

આરોપીએ માત્ર પોતાની તરફેણના 'સિલેક્ટિવ ઓર્ડર્સ' રજૂ કરતા કોર્ટની ગંભીર નોંધ

સુરતઃ કરોડોની ઠગાઈ કેસમાં રાજકોટનાં વેપારીઓની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

ફરિયાદી સુમિતકુમાર રામનિવાસ અગ્રવાલ સાથે આરોપીઓએ મળીને કરોડોની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ અઠવા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. આ કેસમાં ધરપકડથી બચવા આરોપી મહેશ રાજોલિયા, ઈનવીક્યુટસ પોલીપેકનાં પાર્થ રાજેશ ઉજારિયા, આરવ ઈમ્પેક્ષનાં કુલદીપ કોરાટે અલગ અલગ આગોતરા જામીન અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન આરોપી પક્ષે દલીલ કરવામાં આવી હતી કે અરજદાર આરોપીનો ફરિયાદી સાથે કોઈ સીધો સંપર્ક નહોતો. બધો વ્યવહાર મુખ્ય સૂત્રધાર કરણ જગાણી મારફતે થયો હતો. આ એક સિવિલ (દીવાની) પ્રકારનો હિસાબી વિવાદ છે. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ તપાસ અધિકારીનું સોગંદનામુ રજૂ કરી દલીલ કરી હતી કે આરોપીઓએ કરોડો રૂપિયાનું આર્થિક કૌભાંડ આચરવા મોટું ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. તમામ પક્ષકારોની રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવતાં નોંધ્યું હતું કે સૌથી ગંભીર બાબત એ સામે આવી કે સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના કડક આદેશ હોવા છતાં, આરોપીના વકીલે આ કેસ સંબંધિત અગાઉના તમામ આદેશો કોર્ટ સમક્ષ રજૂ કર્યા ન હતા.

ભ્રષ્ટાચારની ફરિયાદો બાદ SGSTમાં સામુહિક બદલી

મોબાઈલ સ્ક્વોડ દ્વારા કલમ 129 અને 130ના દુરુપયોગની ફરિયાદ ઉઠી હતી

ફરિયાદને પગલે ઉચ્ચ અધિકારી અને નાણાં મંત્રાલય દ્વારા નિર્ણય લેવાયો

સુરતઃ રાજ્યના સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (SGST) વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદોને પગલે સરકારે કડક વલણ અખત્યાર કર્યું છે. વિભાગ દ્વારા મોબાઈલ સ્ક્વોડમાં મોટા પાયે આંતરિક ફેરબદલ અને બદલીઓનો ગંજીપો ચીપવામાં આવ્યો છે. ખાસ કરીને સુરત જીએસટી કમિશનરેટ હેઠળ ફરજ બજાવતા અનેક ક્લાસ-2 અને ક્લાસ-3 કક્ષાના અધિકારીઓને તાત્કાલિક અસરથી અન્ય શહેરોમાં ખસેડી દેવામાં આવ્યા છે, જેને પગલે સમગ્ર જીએસટી ફોર્સમાં ફફડાટ વ્યાપી ગયો છે.

તાજેતરમાં સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં જીએસટી કાયદાની કલમ 129 (માલ અને વાહન જપ્તી) અને કલમ 130 (દંડ અને જપ્તીની આકરી જોગવાઈઓ) નો બેફામ દુરુપયોગ થઈ રહ્યો હોવાની બૂમો ઉઠી હતી. મોબાઈલ સ્ક્વોડના કેટલાક અધિકારીઓ દ્વારા કાયદાની આ જોગવાઈઓનો ડર બતાવીને પ્રામાણિક વેપારીઓ અને ટ્રાન્સપોર્ટરોને ખોટી રીતે કનડગત કરવામાં આવતી હોવાની ચોંકાવનારી ફરિયાદો ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી. આ આર્થિક સતામણી અને ભ્રષ્ટાચારના નેક્સસને તોડવા માટે એસજીએસટીના ઉચ્ચ અધિકારીઓ અને નાણાં મંત્રાલય દ્વારા આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાવનગરના અધિકારીઓને ચાર્જ સોંપાયો

આ વહીવટી શુદ્ધિકરણના ભાગરૂપે સુરત શહેરની ફરતે આવેલી મહત્વની ચેકપોસ્ટો અને વોચ પોઇન્ટ્સ પરથી સ્થાનિક મોબાઈલ સ્ક્વોડને હટાવી દેવામાં આવી છે. તેના સ્થાને હવે સુરતની તમામ સંવેદનશીલ ચેકપોસ્ટોનો ચાર્જ ભાવનગર મોબાઈલ સ્ક્વોડને સોંપી દેવામાં આવ્યો છે. આ પ્રકારના ક્રોસ-ડિસ્ટ્રિક્ટ ચાર્જ સોંપણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે ગોઠવાયેલા વહીવટદારો અને એજન્ટોની સાંઠગાંઠને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવાનો છે. આ મોટા પાયે થયેલી સામૂહિક બદલીઓને કારણે વેપારી સંગઠનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે, જ્યારે બીજી તરફ ટેક્સ ચોરી કરતા તત્વો અને ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ મચી ગયો છે. આગામી દિવસોમાં આ મામલે હજુ વધુ આકરા પગલાં લેવાય તેવી પણ પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

અયોધ્યા ચઢાવા ગેરરીતિમાં દોષિતોનાં નામ જાહેર કરો

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારે નવસારીમાં પત્રકારો સાથે વાત કરી

નવસારીઃ વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમાર દક્ષિણ ગુજરાતના પાંચ દિવસીય 'સંત દર્શન યાત્રા' અંતર્ગત નવસારી પહોંચ્યા હતા. અહીં તેમણે VHP અને સંઘ પરિવારના કાર્યકરો સાથે બેઠક યોજી હતી. બાદમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન તેમણે અયોધ્યા રામ મંદિરના ચઢાવા સંબંધિત કથિત ગેરરીતિ અને ધર્માંતરણ સહિતના મુદ્દાઓ પર નિવેદન આપ્યું હતું.

અયોધ્યા રામ મંદિરના ચઢાવા સંબંધિત કથિત ગેરરીતિ અંગે તેમણે જણાવ્યું હતું કે, આ મામલામાં જે કોઈ વ્યક્તિ સંડોવાયેલી હોય, તે ગમે તે હોદ્દા પર હોય, તેનાં નામ જાહેર થવા જોઈએ અને કાયદા મુજબ કાર્યવાહી થવી જોઈએ.તેમણે આ સમગ્ર મામલાની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી કરી વર્ષના અંત સુધીમાં દોષિતો સામે કાર્યવાહી પૂર્ણ કરવાની માંગ કરી હતી. ઉપરાંત ધર્માંતરણના મુદ્દે પણ તેમણે ચિંતા વ્યક્ત કરી સમાજમાં જાગૃતિ અને કાયદાના અસરકારક અમલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમની મુલાકાત દરમિયાન VHP અને સંઘ પરિવારના હોદ્દેદારો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડમાં વીજ ટ્રાન્સમિશન લાઈન મુદ્દે ખેડૂતોની આજે બેઠક

મોરથાણમાં નવા વળતર નિયમો અંગે ચર્ચા થશે

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં પ્રસ્તાવિત ઓલપાડ-બોઈસર તેમજ અમદાવાદ-સાઉથ ઓલપાડ વીજ ટ્રાન્સમિશન લાઈન પ્રોજેક્ટને લઈને ખેડૂતોમાં વધતી જતી ચિંતાના પગલે શનિવાર, તા. 11 જુલાઈના રોજ મોરથાણ ગામે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

બેઠકમાં ટ્રાન્સમિશન લાઈન અને ટાવર ઉભા કરવાની કામગીરી દરમિયાન જમીન, પાક અને વૃક્ષોને થતા નુકસાનના વળતર અંગે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકાની વિગતવાર સમજ આપવામાં આવશે.

મળતી માહિતી મુજબ, સુરત જિલ્લા કલેક્ટર દ્વારા ઓલપાડ તાલુકાના વિહારા, એરથાણ, ગોલા, મોરથાણ, કદરામા, ઓલપાડ, આંધી, કણભી, કાછબ, ટકારમા, ભાદોલ સહિતના ગામોના ખેડૂતોને ટ્રાન્સમિશન લાઈનના કામ સંદર્ભે નોટિસો આપવામાં આવી છે. જેના કારણે અસરગ્રસ્ત ખેડૂતોમાં વિવિધ પ્રશ્નો અને શંકાઓ ઊભી થઈ છે.

આ દરમિયાન રાજ્ય સરકારે તા. 4 જુલાઈ, 2026ના રોજ ટ્રાન્સમિશન લાઈન અને ટાવર ઉભા કરતી વખતે જમીન, પાક અને ઝાડને થતા નુકસાન બદલ વળતર ચૂકવવાની નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકાના અમલીકરણ, ખેડૂતોના અધિકારો, વળતર મેળવવાની પ્રક્રિયા તેમજ આગળની કાર્યવાહી અંગે ખેડૂતોને માહિતગાર કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરથાણ ખાતે શનિવારે સાંજે 7:30 કલાકે યોજાનારી બેઠકમાં ખેડૂત અગ્રણી જયેશભાઈ પટેલ (પાલ), જયેશભાઈ પટેલ (દેલાડ), દર્શનભાઈ નાયક, રમેશભાઈ પટેલ (ઓરમા) સહિતના આગેવાનો હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન આપશે અને તેમની રજૂઆતો સાંભળશે.

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા) એ અસરગ્રસ્ત તમામ ગામોના ખેડૂતોને મોટી સંખ્યામાં બેઠકમાં હાજરી આપી પોતાના હિતના મુદ્દાઓ અંગે ચર્ચામાં જોડાવા અપીલ કરી છે. બેઠકમાં સરકારની નવી વળતર નીતિ, ખેડૂતોના કાયદેસર હક્કો અને ટ્રાન્સમિશન લાઈનના કામ દરમિયાન અનુસરવાની પ્રક્રિયા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

બનાવટી ચલણી નોટ કેસમાં આરોપી નિર્દોષ

બારડોલી રહેતા બેની ૧૦૦૦ના દરની ૩૧૬ નોટો સાથે ધરપકડ થઇ હતી

સુરતઃ તા. ૦૬/૦૨/૨૦૧૩નાં રોજ ધામદોડ ગામ પાસે ભારતીય બનાવટી ચલણી નોટો છાપી તે પૈકી દિલીપભાઈ રામજીભાઈ ગજ્જર તથા મહેન્દ્ર જયરામભાઈ પ્રજાપતિ એ બનાવટની ચલણ નોટ જેમાં રૂા. ૧૦૦૦ના દરની ૩૧૬ નોટો તથા રૂા.૫૦૦ના દરની કુલ ૧૫૦ નોટ તથા મોબાઈલ નંગ ૩ તેમજ બે મોટરસાયકલ તથા રોકડ રકમ સાથે પકડાયાં હતા. જે અંગેની ફરીયાદ બારડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. તપાસ દરમ્યાન અન્ય આરોપી વિજયસિંહ પરમાર, સુજીતભાઈ પચ્ચીગર, અશ્વિનભાઈ વ્યાસ તેમજ અન્ય આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.આ કેસની ન્યાયિક કાર્યવાહી બારડોલી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. આરોપીઓ તરફે વકીલ કેતન પી. રેશમવાલા, જીમી બી. કાંટલીવાલાએ દલીલ કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયાં હતાં. એફએસએલ રિપોર્ટ સહિતનાં દસ્તાવેજો તથા પક્ષકારોની રજુઆતના અધ્યન બાદ કોર્ટે આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

દાદર-હઝરત નિઝામુદ્દીન વીકલી સ્પેશિયલ ટ્રેનના ફેરા રદ

સુરતઃ કેટલાક અનિવાર્ય ઓપરેશનલ (પરિચાલન) કારણોસર દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે દોડતી વીકલી સ્પેશિયલ ટ્રેનોના ફેરા રદ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુરુવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ દાદરથી પોતાની યાત્રા શરૂ કરનારી ટ્રેન નંબર ૦૪૦૦૧ દાદર - હઝરત નિઝામુદ્દીન વીકલી સ્પેશિયલ ટ્રેનનો એક ફેરો સંપૂર્ણપણે રદ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, આ જ રૂટ પર પરત ફરતી ટ્રેન એટલે કે મંગળવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ હઝરત નિઝામુદ્દીનથી પોતાની યાત્રા શરૂ કરનારી ટ્રેન નંબર ૦૪૦૦૨ હઝરત નિઝામુદ્દીન - દાદર વીકલી સ્પેશિયલનો એક ફેરો પણ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુરત શહેર જિલ્લા માટે આજે લોક અદાલત

સુરતઃ આવતીકાલે તા.૧૧-૦૭-૨૦૨૬ના રોજ નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદની અનુશ્રામાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધિશ રાહુલ ત્રિવેદી દ્વારા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. ચેક પરતના કેસો, મોટર અકસ્માત વળતરને લગતા કેસો, દિવાની દાવાઓ, લગ્ન વિષયક દાવાઓ, ડી.જી.વી.સી.એલ. સાથેના વીજબીલનાં લેણાં વિગેરે સ્વરુપની તકરારનાં કેસોનું આ લોક અદાલતનાં માધ્યમથી નિરાકરણ લાવવામાં આવશે.

ખાડીપૂરમાં 3000થી વધુ વાહનો બંધ, ગેરેજોમાં એક મહિનાનું વેઈટિંગ

અનેક વાહનચાલકોને લાખો રૂપિયાના ખર્ચનો ફટકો, કેટલાકે તો ગાડીઓ ભંગારમાં આપવાનો નિર્ણય કર્યો

સુરતઃ શહેરમાં પડેલા અતિભારે વરસાદ અને ત્યારબાદ આવેલા ખાડીપૂરે જનજીવનની સાથે વાહનચાલકોને પણ ભારે આર્થિક ફટકો આપ્યો છે. અચાનક આવેલા પૂરના કારણે અનેક વિસ્તારોમાં વાહનો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અંદાજે 3000થી વધુ બાઈક અને કાર પાણીમાં ડૂબી જતાં બંધ પડી ગઈ છે. હવે પાણી ઓસરતાં જ શહેરના તમામ નાના-મોટા ગેરેજ અને ઓથોરાઈઝ્ડ સર્વિસ સેન્ટરો બહાર રિપેરિંગ માટે વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે.

પૂરના પાણીમાં કલાકો સુધી ડૂબેલા વાહનોના એન્જિન, એર ફિલ્ટર, ગિયર બોક્સ તેમજ ઈલેક્ટ્રોનિક સિસ્ટમમાં પાણી ઘૂસી જતાં મોટાપાયે નુકસાન થયું છે. ખાસ કરીને નવી ટેક્નોલોજીવાળી કારોમાં સેન્સર અને ઈલેક્ટ્રોનિક મોડ્યુલો શોર્ટ સર્કિટ થતાં રિપેરિંગનો ખર્ચ લાખોમાં પહોંચે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

શહેરના મોટર્સ સંચાલક જતિનભાઈ પંડિતે જણાવ્યું હતું કે ભારે વરસાદ બાદ વર્કશોપમાં આવેલી મોટાભાગની ગાડીઓમાં ગંભીર નુકસાન જોવા મળી રહ્યું છે. હાલમાં વાહનોની સફાઈ કરીને એન્જિનમાંથી પાણી કાઢવાની અને સેન્સરો ચેક કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારબાદ જ વાહન ફરી ચાલુ થઈ શકે કે નહીં તેની સ્થિતિ સ્પષ્ટ થશે.

કાર મિકેનિકોના જણાવ્યા મુજબ હાલ ગેરેજોમાં એક મહિનાથી વધુનું વેઈટિંગ ચાલી રહ્યું છે. લક્ઝુરિયસ કારોના સ્પેર પાર્ટ્સ તરત ઉપલબ્ધ ન હોવાથી કંપનીમાંથી મંગાવવાની ફરજ પડી રહી છે. હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક કારમાં ટેકનિકલ ખામીઓ વધુ જટિલ હોવાથી રિપેરિંગમાં પણ વિલંબ થઈ રહ્યો છે. વરાછાના ગીતાંજલિ પેટ્રોલ પંપની પાછળ આવેલા મહાદેવનગરમાં ગેરેજ ચલાવતા સંચાલકે જણાવ્યું કે આસપાસની દુકાનો અને હીરાના કારખાનાઓમાં પાર્ક કરાયેલા અનેક વાહનો પાણીમાં ડૂબી ગયા હતા.

બીજા જ દિવસે ગેરેજ પર એકસાથે 50થી 60 બાઈક રિપેરિંગ માટે આવી હતી. સતત વધી રહેલા ખર્ચથી કંટાળીને કેટલાક વાહનચાલકોએ પોતાની ગાડીઓ ભંગારમાં આપવાનો નિર્ણય પણ લીધો છે. પૂરના પાણીમાંથી બહાર કાઢવામાં આવેલા ઘણા વાહનો હજુ પણ રસ્તામાં અચાનક બંધ પડી રહ્યા છે. ધનજીભાઈએ જણાવ્યું કે તેમની બાઈક બે દિવસ સુધી પાણીમાં ડૂબેલી રહી હતી. આજે કામ પર જતી વખતે વરાછાના માનગઢ ચોક પાસે બાઈક અચાનક બંધ પડી ગઈ હતી. અંતે ટેમ્પોમાં બાઈક ગેરેજ સુધી લઈ જવી પડી હતી.

અલથાણના મેટ્રો બ્રિજ નીચેથી પસાર થતી કારમાં આગ, બે સવાર બચી ગયા

સુરતઃ ગત રાત્રે અલથાણ ખાતે આવેલા મેટ્રો બ્રિજની નીચેથી પસાર થઈ રહેલી એક ફોરવ્હીલ કારમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોકે આ ઘટનામાં સદનસીબે કારમાં સવાર બે લોકો સમયસર કારની બહાર નીકળી જતા તેઓ બચી ગયા હતા.

જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કારમાં લાગેલી આગને બુઝાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે કારમાં હસમુખભાઈ રાખોલીયા સહિત બે લોકો સવાર હતા. જેઓ ભેસ્તાન તરફથી આવી રહ્યા હતા અને અલથાણના મેટ્રો બ્રિજ નીચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કારમાં આગ લાગી ગઈ હતી. આગને કારણે કારને નુકસાન થયું હતું. પરંતુ ગણતરીની મિનિટોમાં જ ફાયરે આગ ગોલવી દીધી હતી. શોર્ટ સર્કિટને પગલે કારમાં આગ લાગી હોવાનું હાલમાં જાણવા મળ્યું હતું.

રિંગરોડના વેપારી સાથે રૂપિયા ૩૨ લાખથી વધુની છેતરપિંડી

૩૫ લાખથી વધુનો પ્લાસ્ટિકની સીટ ખરીદી થોડી રકમ ચૂકવી હાથ ઊંચા કરી દીધા

સુરતઃ રિંગરોડ પર આવેલા તુલસી માર્કેટની દુકાનમાંથી મહારાષ્ટ્રના એક વેપારીએ રૂપિયા ૩૫ લાખથી વધુનો પ્લાસ્ટિકની સીટનો માલ ખરીદી, થોડું પેમેન્ટ આપી બાકીના રૂપિયા ૩૨.૧૬ લાખ ન ચૂકવી છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ભટાર રોડ પર આવેલી કબીર નિકુંજ સોસાયટીમાં રહેતા અને તુલસી માર્કેટમાં 'શ્રી રાનીસતી પેપ' નામની દુકાનમાં મેનેજર તરીકે નોકરી કરતા ૪૩ વર્ષીય અમિતકુમાર સત્યપ્રકાશ અગ્રવાલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, અમિતકુમાર છેલ્લા ત્રણ વર્ષથી દુકાનનો તમામ વહીવટ સંભાળે છે. વર્ષ ૨૦૨૩માં મહારાષ્ટ્ર ખાતે 'ગણેશ પાલ્સ્ટો પેક' નામે પ્લાસ્ટિકની સીટનો મોટાપાયે વેપાર કરતા મહેન્દ્ર સુજારામ પટેલ તેમની દુકાને આવ્યા હતા. મહેન્દ્ર પટેલે દિન-૩૦માં માર્કેટના ધારાધોરણ મુજબ પેમેન્ટ ચૂકવી દેવાનો વિશ્વાસ આપી માલનો ઓર્ડર આપ્યો હતો. વિશ્વાસમાં આવીને 'શ્રી રાનીસતી પેપ' દ્વારા તારીખ ૧૭/૧૨/૨૦૨૩ થી ૨૩/૦૨/૨૦૨૪ દરમિયાન અલગ-અલગ બિલો મારફતે કુલ રૂપિયા ૩૫,૦૩,૮૧૩/- નો પ્લાસ્ટિકની સીટનો માલ ટ્રાન્સપોર્ટ મારફતે મહારાષ્ટ્ર મોકલવામાં આવ્યો હતો. માલ સ્વીકાર્યા બાદ સમય મર્યાદા પૂરી થતા અમિતકુમારે પેમેન્ટની ઉઘરાણી શરૂ કરી હતી. શરૂઆતમાં મહેન્દ્ર પટેલે ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨,૮૬,૮૮૬/- ચૂકવ્યા હતા, પરંતુ બાકીના રૂપિયા ૩૨,૧૬,૯૨૭/- ચૂકવવા માટે અલગ-અલગ બહાના બતાવવા લાગ્યા હતા.વર્ષ ૨૦૨૫માં અમિતકુમાર રૂબરૂ મહારાષ્ટ્ર ઉઘરાણી કરવા ગયા ત્યારે પણ મહેન્દ્ર પટેલે જલ્દી પેમેન્ટ ચૂકવી દેવાનો ભરોસો આપ્યો હતો. જોકે, પરત ફર્યા બાદ પણ પેમેન્ટ ન આવતા અને આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતા અંતે છેતરપિંડીનો અહેસાસ થયો હતો. જેથી અમિતકુમારે સલાબતપુરા પોલીસનો સંપર્ક કરી 'ગણેશ પાલ્સ્ટો પેક'ના માલિક મહેન્દ્ર સુજારામ પટેલ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

SMC બોધપાઠ...

તંત્ર ! કોના વાંકે સુરતની પ્રજા દુખી થવાનો વારો આવે છે. વરસાદી વાદળની જેમ રચના થતી સમિતિઓ વરસાદી દેડકાની જેમ ચોમાસા પછી અદ્રશ્ય કેમ થઈ જાય છે?પોસ્ટ-મોન્સૂન પગલાં કેમ લેવાતા નથી, જેથી લાંબા ગાળાના આયોજનો થકી ચોમાસા અને ભારે વરસાદના સમયે થતી નાગરિકોની હાલાકી બંધ થાય?

સુરતના નાગરિકો આવા અહેવાલ વાંચે છે એ માટે રિપોર્ટ સરકારી,અર્ધ સરકારી તંત્રો ઉપરાંત હવે લોકો વચ્ચે લઈ જવામાં આવશે એમ પર્યાવરણ નિષ્ણાત કૃષ્ણકાંત ચૌહાણે જણાવ્યું હતું. સુરત શહેરમાં આ વર્ષના ચોમાસાની શરૂઆતમાં વરસાદે પાછલા ઘણા રેકોર્ડ તોડી નાખ્યા, તે સાથે આ ચોમાસમાં સુરત શહેરના મહેનતુ અને ઉધમી નાગરિકોનો તંત્ર પર રહેલો વિશ્વાસ પણ તૂટતો જાય છે.વર્ષ 2024 માં 'કોના વાંકે, કોના પાપે, કોના ભોગે' સુરતમાં ઊભી થયેલ જળ-જમાવ (water-logging) સમસ્યા - કારણો અને ઉકેલ, આવો વિગતસરનો અભ્યાસપૂર્ણ નાગરિક અહેવાલ પ્રકાશિત થયો હતો.એ પછી વર્ષ 2025 માં INVITED DISASTER - KHADI FLOODS IN SURAT, જેમાં ખાડી આસપાસ થયેલ દબાણો, ટાઉન પ્લાનિંગ હેઠળ કરવામાં આવેલ ખાડીમાં પુરાણ, વગેરે બાબતોને અભ્યાસ પૂર્વક જાહેર કરવામાં આવેલી અને તેના ઉકેલ માટેના સૂચનો પણ આપવામાં આવ્યા હતા.આ બંને અહેવાલોની નકલો SMC, જિલ્લા કલેક્ટર, આપત્તિવ્યવસ્થાપન તંત્ર, રાજ્ય સરકારને મોકલવામાં આવી હતી. હાલમાં સુરત શહેરમાં આવેલ અભૂતપૂર્વ પૂર અને શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીનો ભરાવો, પાણીના નિસ્તારના પ્રશ્નો વગેરેને ધ્યાને લઈને આ અહેવાલો ફરીથી જવાબદારોના ધ્યાને મૂકીએ છીએ.

આર્કિટેક્ટ સુગીત પાઠકજી, પર્યાવરણ નિષ્ણાંત કૃષ્ણકાંત ચૌહાણ અને એડવોકેટ અજય જાંગીડ દ્વારા આજે સુરતના નાગરિકો વતી 12 સમસ્યા - કારણો અને ઉકેલ રજૂ કરવામાં આવ્યા છે. અને 18 સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

સુરતના નાગરિક...

પર ગ્રાઉંડ વોટર રિચાર્જ અને રેઈન વોટર હાર્વેસ્ટિંગનું પ્લાનિંગ કરવું જોઈએ .

- ખાડીના વિસ્તારોનું ધોવાણ અટકાવવાને નામે પણ ખાડીની આજુ-બાજુના પટ્ટ પર સિમેન્ટ-કોંક્રીટ જેવા મટિરિયલનો ઉપયોગ કરવો નહીં .

વોટર લોગીંગ...

સામેના અવરોધો દૂર કરવામાં આવે.

- વરસાદી કાંસ તેમજ તળાવો – તળાવો અને ખાડીને જોડતા કાંસને ખુલ્લા કરવામાં આવે.
- શહેરના વિસ્તરણ દરમિયાન આસ-પાસના ગામડાઓમાં આવેલા જળ - સ્ત્રોત તેમજ , વેટલેન્ડને ડેવલપમેન્ટ પ્લાનમાં તેના મૂળ સ્વરૂપે જાળવી રાખવામાં આવે.
- સુરત શહેરમાં આવેલ Sewage Treatment Plantમાં 100% ટ્રીટમેન્ટ કરીને તે પાણી નદી, તળાવ કે ખાડીમાં ના છોડવામાં આવે અને તેના સંપૂર્ણ પાણીનો ઉદ્યોગો માટે ઉપયોગ કરવામાં આવે.
- કોઈ પણ વિસ્તારના ડેવલપમેન્ટ પ્લાન બનાવટી વખતે વિસ્તારના કુદરતી ઢાળ (contour)ને ધ્યાનમાં રાખીને તે વિસ્તારનું પ્લાનિંગ થાય. તેમજ કુદરતી ઢાળ સાથે ચેડાં ના થાય તે જોવું.
- ખાડીઓમાં આવતા ઔદ્યોગિક તેમજ ઘરેલુ ગેરકાયદેસર જોડાણો બંધ કરવામાં આવે. આવી હરકત કરનાર સામે બિન-માફી કડક કાર્યવાહી થાય.

માટીની ૯...

પાવડર કે તૈલી પદાર્થો ફેંકવા પર પ્રતિબંધ રહેશે.તેમજ ઉત્સવ પૂર્ણ થયા બાદ બે દિવસની અંદર તમામ મંડપો દૂર કરવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે. આ જાહેરનામું સુરત પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે અને બહારથી મૂર્તિ લાવી સુરતમાં વેચતા વેપારીઓને પણ સમાન રીતે લાગુ પડશે. જાહેરનામાના ભંગ બદલ ASI કક્ષાથી ઉપરના તમામ પોલીસ અધિકારીઓને ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે.

વરસાદી પાણી...

બમરોલી રોડ પર મજૂરી કામ માટે ગયા હતા. જોકે તે મોડી રાત સુધી ઘરે નહીં પહોંચતા તેના પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. પણ તેઓ મળી આવ્યા ન હતા. દરમિયાન ગુરુવારે સાંજે ખરવાસા મંદિર પાસેથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

ખાડીના દબાણો...

સતત મીટિંગોનો દોર ચલાવીને રાતભર શાસકો દ્વારા પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાતો લેવામાં આવી રહી છે. અને હવે ખાડીપુર ઓસર્યા બાદ રાહત અને સફાઈની કામગીરી પુર્ણ થયા બાદ ખાડી પરના દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરાસે.

શહેરના વિવિધ ઝોનમાંથી પસાર થતી ખાડીઓ પરના દબાણોની સમસ્યા દર વર્ષે પૂરની આફતનું મુખ્ય કારણ બનતી હોવાથી હવે તંત્ર આ મુદ્દે કડક વલણ અપનાવી રહ્યું છે. ગત વર્ષે રચાયેલી ખાડી પૂર નિવારણ સમિતિની બેઠકમાં રજૂ થયેલા દબાણોના આંકડા અને વિગતોના પ્રાથમિક તારણને આધારે સોમવારથી જ ટાઉન પ્લાનિંગ વિભાગ અને સિંચાઈ વિભાગની સંયુક્ત બેઠક યોજવાનો નિર્ણય લેવાયો છે. ખાડી કિનારે થયેલા ગેરકાયદે દબાણોને તાત્કાલિક અસરથી દૂર કરવા અને જરૂર પડે ત્યાં તેને તોડી પાડવાની કામગીરી ઝડપથી શરૂ કરવા માટેના કડક આદેશો આપી દેવામાં આવ્યા છે. દર વર્ષે ઊભી થતી આ અસુવિધાના કાયમી કટોકટીભર્યા ઉકેલ માટે પ્રાથમિક તબક્કે જ આ દબાણો હટાવવાની તાતી જરૂરિયાત હોવાનું તંત્ર દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. જેથી તાબડતોબ દબાણો હટાવવાના શરૂ કરાશે.

ખાડીના 20...

માટે શાસકો દ્વારા તંત્રને આદેશ આપવામાં આવ્યા છે અને તાકીદે તેના પર કામ કરવા જણાવાયું છે.

'મત માંગવા...

ધરીને નેતાજી પર સવાલોનો મારો ચલાવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં એક મહિલા ધારાસભ્યને સ્પષ્ટ સંભળાવી રહી છે કે, 'હવે અમારો મત અમારી પાસે જ રહેશે.' જેના જવાબમાં ધારાસભ્યએ બચાવ કરતા કહ્યું કે 'હું અત્યારે અહીં મત લેવા આવ્યો નથી.' જોકે, જાગૃત મહિલાઓએ તાત્કાલિક વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, 'જ્યારે ચૂંટણીમાં મત લેવા આવ્યા હતા ત્યારે તો 'બહેનજી, મને મત આપજો' કહીને તમે પોતે જ ઘરના ઉંબરા સુધી આવ્યા હતા, હવે લોકો મુશ્કેલીમાં છે ત્યારે માત્ર વાતો કરવાથી કામ નહીં ચાલે. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે દર વર્ષે ચોમાસાની શરૂઆત થતાં જ પાંડેસરા સહિતના શ્રમિક વિસ્તારોમાં રસ્તાઓ ધોવાઈ જાય છે, ગટરો ચોકઅપ થઈ જાય છે અને ઘરોમાં પાણી ભરાય છે. મનપા તંત્રમાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આ સમસ્યાનું કોઈ કાયમી સોલ્યુશન લાવવામાં આવ્યું નથી. આ વખતે આવેલા ખાડીપૂરે લોકોના વર્ષોથી મનમાં ભરેલા અસંતોષને બહાર લાવી દીધો છે.

એલએન્ડટીના...

તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને પણ સારવાર અપાઈ હતી. અકસ્માત બાદ બસનો મુખ્ય દરવાજો જામ થઈ જતાં અંદર ફસાયેલા કર્મચારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બહાર નીકળવાના પ્રયાસમાં કેટલાક કર્મચારીઓ બારીઓ તરફ ધસી ગયા હતા. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક કર્મચારી પગ વડે બસની બારીનો કાચ તોડીને બહાર નીકળવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળી બચાવ કામગીરીને સરળ બનાવી હતી. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ માર્ગ પરથી પસાર થઈ રહેલી ટ્રક અચાનક બગડી જતાં તેને રોડની સાઈડમાં ઊભી રાખવામાં આવી હતી. તે દરમિયાન પાછળથી આવી રહેલી ખાનગી બસના ચાલકને ઊભેલી ટ્રકનો સમયસર અંદાજ ન આવતા અથવા સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બસ સીધી ટ્રકના પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાણીમાં પલળેલું અનાજ સ્કૂલ નજીક ફેંકાતા દુર્ગંધ સ્થાનિકોમાં રોષ

પલળેલા અનાજને કારણે બાળકોનું સ્વાસ્થ્ય બગડે તેવી સંભાવનાથી વાલીઓમાં રોષ

સુરતઃ સુરતના ભેસ્તાન વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં મોટી માત્રામાં પાણીમાં પલળેલા ચોખા અને ઘઉં ફેંકવામાં આવ્યા હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્કૂલની નજીક આ અનાજ ખુલ્લેઆમ પડ્યું હોવાથી દુર્ગંધ ફેલાઈ રહી છે અને બાળકોના સ્વાસ્થ્ય પર તેની માઠી અસર પડશે તેવી ચિંતા સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે. યુ-36 દુકાનદાર દ્વારા આ અનાજ ફેંકવામાં આવ્યાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નજીકમાં આવેલા સફારી કોમ્પલેક્ષમાં સરકારી અનાજની દુકાન ધરાવતા એક વેપારીનો આ માલ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વ્યક્તિ અને સરકારી અનાજની ગુણ પણ વાયરલ વીડિયોમાં જોવા મળી રહી છે. જાહેર વિતરણ પ્રણાલી (રેશનિંગ) હેઠળનું સરકારી અનાજ વરસાદ અથવા અન્ય કારણોસર ભીનું થઈ જાય તો નિયમ મુજબ સંબંધિત દુકાનદારે જિલ્લા પુરવઠા અધિકારીની મંજૂરી મેળવી તેનો નિકાલ કરવાનો હોય છે. અન્ય વિકલ્પ તરીકે તે અનાજ ગોડાઉનમાં પરત મોકલી તેની સામે નવું અને ઉપયોગલાયક અનાજ મેળવવાની પ્રક્રિયા પણ નિર્ધારિત છે. જો ખરેખર રેશનનું અનાજ નિયમો વિરુદ્ધ સીધું જ ખુલ્લી જગ્યામાં ફેંકી દેવામાં આવ્યું હોય, તો દર મહિને ગરીબ અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને આપવામાં આવતું અનાજ હવે ક્યાંથી આપવામાં આવશે?

જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા તપાસ થાય તેવી માંગ

હવે જિલ્લા પુરવઠા અધિકારી સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને ખુલ્લી જગ્યામાં ફેંકવામાં આવેલા અનાજની માલિકી, નિયમોના પાલનની સ્થિતિ, લાભાર્થીઓના હિતોને થયેલા નુકસાન તેમજ કાળા બજારીના આક્ષેપોની સત્યતા અંગે તથ્યો જાહેર કરે તેવી માંગ પ્રબળ બની છે.